# મરિન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલનું ઢળી પડતાં મોત

**નાઈટ** ડ્યૂટી દરમિયાન બાથરૂમમાં અચાનક બેભાન થયા, હાર્ટ એટેકની શક્યતા

**નવી** સિવિલમાં ગાર્ડ ઓફ ઓનર અપાયું



સુરતઃ શહેરમાં અચાનક બેભાન થઈને મોતને ભેટવાના બનાવો વધી રહ્યા છે. આવી જ એક ઘટના આજે સવારે મરીન પોલીસ સ્ટેશનમાં બની, જ્યાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલનું અચાનક મોત થયું હતું. તેઓ નાઈટ ડ્યુટીમાં હતા અને સવારે પોલીસ સ્ટેશનના બાથરૂમમાં બેભાન થઈને ઢળી પડ્યા હતા. આ ઘટનાથી પોલીસ વિભાગમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે.

મળતી માહિતી મુજબ, મૂળ નર્મદા જિલ્લાના રાજપીપળા વતની અને હાલ પીપલોદ પોલીસ લાઈનમાં રહેતા ૩૮ વર્ષીય સુખદેવભાઈ સોમાભાઈ વસાવા મરીન પોલીસ સ્ટેશનમાં પીએસઓ તરીકે ફરજ બજાવતા હતા. ગઈ રાત્રે તેમની નાઈટ ડ્યુટી હતી. દરમિયાન આજે સવારે તેઓ બાથરૂમમાં કુદરતી હાજત માટે ગયા હતા. ત્યારે તેઓ અચાનક બેભાન થઈ ગયા અને ઢળી પડ્યા હતા. બનાવની જાણ થતાં જ સાથી પોલીસકર્મીઓએ તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. પરંતુ ત્યાં પહોંચતાં પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું.

મૃત્યુના સમાચાર મળતાં જ પોલીસ સ્ટાફ શોકમગ્ન બની ગયો હતો. પરિવારમાં પણ શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે, જોકે હાલ હાર્ટએટેકની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. મૃતક હેડ કોન્સ્ટેબલ સુખદેવભાઈ વસાવાને નવી સિવિલ હોસ્પિટલ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપી પોલીસ વિભાગ તરફથી અંતિમ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું.

# ઈસુના નવા વર્ષથી અનેક ટ્રેનોના સમયમાં પાંચેક મિનિટનો ફેરફાર



સુરતઃ ભારતીય રેલવે, મુસાફરોની સુવિધા વધારવા અને કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવવા 1 જાન્યુઆરી 2026થી નવું પેસેન્જર સમયપત્રક અમલમાં મૂકી રહી છે.

આ ફેરફારથી મુખ્ય લાઇન પર દોડતી અનેક ટ્રેનોના સમયમાં 5 મીનિટનો ફેરફાર થશે. સુરતમાંથી પસાર થતી કે ઉપડતી મહત્વની ટ્રેનો જેમ કે ઈન્ટરસિટી એક્સપ્રેસ અને તાપ્તી ગંગા એક્સપ્રેસ પર આની સીધી અસર પડશે.

### આ ટ્રેનોના સમયમાં ફેરફાર કરાયો

12935 બાંદ્રા-સુરત ઇન્ટરસિટી એક્સપ્રેસ નવસારી સ્ટેશન પર સવારે 9:58 વાગ્યે પહોંચશે. 12921 ફ્લાઈંગ રાની એક્સપ્રેસ વાપી સ્ટેશન પર રાત્રે 8:08 વાગ્યે પહોંચશે. 69152 સુરત-વલસાડ પેસેન્જર સુરતથી સવારે 9:20 વાગ્યે ઉપડશે. 19045 તાપ્તી ગંગા એક્સપ્રેસ વ્યારા સ્ટેશન પર 10:54 વાગ્યે પહોંચશે (પહેલાં 11:00 વાગ્યે). 22947 સુરત-ભાગલપુર એક્સપ્રેસ નંદુરબાર પર 12:20 વાગ્યે (પહેલાં 12:25 વાગ્યે). 20925 સુરત-અમરાવતી એક્સપ્રેસ નંદુરબાર પર 2:30 વાગ્યે (પહેલાં 2:36 વાગ્યે). 13426 સુરત-માલદા ટાઉન એક્સપ્રેસ નંદુરબાર પર 4:25 વાગ્યે (પહેલાં 4:30 વાગ્યે). 19007 સુરત-ભુસાવલ એક્સપ્રેસ વ્યારા પર સાંજે 6:14 વાગ્યે (પહેલાં 6:20 વાગ્યે). 69169 સુરત-નંદુરબાર ટ્રેન વ્યારા પર 7:48 વાગ્યે (પહેલાં 8:00 વાગ્યે). 22563 જયનગર-ઉધના અંત્યોદય એક્સપ્રેસ નંદુરબાર પર સવારે 6:55 વાગ્યે (પહેલાં 7:03 વાગ્યે). પરતી 19046 તાપ્તી ગંગા એક્સપ્રેસ ઉધના પર બપોરે 3:23 વાગ્યે (પહેલાં 3:36 વાગ્યે).

# ખોલવાડના વેપારી હનીટ્રેપ પ્રકરણમાં વધુ એક ઝડપાયો

**રૂપિયા** 5.70 લાખની ઉઘરાણીના કેસમાં લસકાણા પોલીસની કાર્યવાહી

**અગાઉ** SOG દ્વારા 3 આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા

સુરત : ખોલવાડના વેપારીને હનીટ્રેપમાં ફસાવી ખોટા કેસોની ધમકી આપી રૂપિયા 5.70 લાખ પડાવવાના કૌભાંડમાં લસકાણા પોલીસે વધુ એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ પ્રકરણમાં અગાઉ SOG પોલીસે ગેંગના ત્રણ સભ્યોને ઝડપી લસકાણા પોલીસને સોંપ્યા હતા, જ્યારે હવે મુખ્ય કડી સુધી પહોંચવા પોલીસે તપાસનો દાયરો વધુ વિસ્તૃત કર્યો છે.

કામરેજ તાલુકાના ખોલવાડમાં રહેતા 52 વર્ષીય વેપારી રમણભાઈ (નામ બદલ્યું છે) સાથે ઓગસ્ટ-

### અગાઉ પકડાયેલા આરોપીઓ

રમેશભાઈ ઉર્ફે રામ વલ્લભભાઈ નાવડીયા (ઉ.વ. 43, ધંધો-મકાન તથા જમીન દલાલી, રહે. સૂર્ય કિરણ સોસાયટી, વરાછા), સંજયભાઈ ઉર્ફે સુદાણી બાબુભાઈ પોકળ (ઉ.વ. 42, ધંધો-મકાન તથા જમીન દલાલી, રહે. રાજપેલેસ એપાર્ટમેન્ટ, અર્જુનનગર સોસાયટીની બાજુમાં, કારગિલ ચોક, પુણા ગામ, મૂળ રાજકોટ) તથા રાહુલભાઈ રમેશભાઈ કથીરીયા (ઉ.વ. 43, ધંધો-હીરા મજૂરી કામ, રહે. સંસ્કાર વિલા સોસાયટી, વરાછા રોડ, સરથાણા, મૂળ અમરેલી)નો સમાવેશ થાય છે.

કરવા લાગી હતી. આ જ સમયે રમેશ નાવડીયા, સંજય સુદાણી, રાહુલ કથીરીયા, માયા સાઈડા, કેતન ભાદાણી અને યાજ્ઞિક લાઠીયા સહિત કુલ છ જેટલા ઇસમો ત્યાં ઘસી આવ્યા હતા. આ તમામે મળીને "કૂટણખાનું ચલાવો છો" તેમ કહી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. ભયમાં મુકાયેલા રમણભાઈ પાસેથી તબક્કાવાર રૂપિયા 5.70 લાખની રકમ પડાવી લેવામાં આવી હતી.આ સમગ્ર મામલે રમણભાઈની ફરિયાદના આધારે લસકાણા પોલીસે ગત 1મીના રોજ મહિલાઓ સહિત કુલ 9 આરોપીઓ સામે ગુનો નોંધ્યો હતો. કેસની ગંભીરતા જોતા SOG પોલીસે તપાસમાં ઝંપલાવી ગેંગના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને તેમને લસકાણા પોલીસને સોંપ્યા હતા. હવે લસકાણા પોલીસે વધુ એક આરોપી વિરેન્દ્રભાઇ ઉર્ફે રામ ઉર્ફે વીડી ધનજીભાઇ કાકડીયા (રહે. ઓપેરા પેલેસ, ખોલવાડ, તા. કામરેજ, જી. સુરત)ને ઝડપી પાડ્યો છે.પોલીસ માને છે કે આ હનીટ્રેપ ગેંગમાં હજુ વધુ લોકો સંડોવાયેલા હોઈ શકે છે.

# ICAIની WIRC શાખાની AI કોન્ફરન્સે સીએને તૈયાર કર્યા

**26-27** ડિસેમ્બર દરમિયાન યોજાયેલી સીમાચિહ્નરૂપ AI સમિટમાં 1000થી વધુ સીએની હાજરી, લાઈવ ડેમોથી મળ્યું વ્યવહારુ જ્ઞાન

સુરતઃ ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI)ની વેસ્ટર્ન ઇન્ડિયા રિજનલ કાઉન્સિલ (WIRC)ની સુરત શાખા દ્વારા "EVOLVE" નામની એક સીમાચિહ્નરૂપ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) કોન્ફરન્સનું ભવ્ય આયોજન તા.26 અને 27 ડિસેમ્બર-2025ના રોજ કરવામાં આવ્યું હતું. બે દિવસ ચાલેલી આ કોન્ફરન્સમાં સુરત સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી 1000થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે હાજરી આપી હતી.

આ કોન્ફરન્સની વિશેષતા એ રહી કે, તમામ સીએ પોતાના લેપટોપ સાથે ઉપસ્થિત રહ્યા હતા. જેથી તેમને AI આધારિત સાધનોના લાઈવ ડેમો દ્વારા પ્રાયોગિક રીતે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ઝડપથી બદલાતા વ્યાવસાયિક પરિદૃશ્યમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સમયસર અનુકૂલન સાધી શકે અને ભવિષ્ય માટે તૈયાર બની શકે, એ હેતુસર આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ CCM CA ઉમેશ શર્મા તથા CCM CA જય છૈરાના માર્ગદર્શન હેઠળ અને ICAI સુરત શાખાના ચેરમેન CA અશ્વિન બૌવાલા, વાઇસ ચેરમેન CA રાહુલ અગ્રવાલ તથા CA પ્રીતેશ શાહના નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

'EVOLVE' કોન્ફરન્સમાં ઓડિટ, કરવેરા, પાલન (કંપ્લાયન્સ), ડેટા વિશ્લેષણ અને સલાહકાર સેવાઓમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના અસરકારક ઉપયોગ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું. પ્રખ્યાત અને અનુભવી વક્તાઓ દ્વારા AI આધારિત નવીન સાધનો, વાસ્તવિક જીવનના ઉપયોગના કિસ્સાઓ તથા વ્યવસાયમાં ટેક્નોલોજીના ભવિષ્ય અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ સુરતમાં શ્રી ખોડલધામ મંદિર સંકુલ બનાવશે

**લંડનમાં** પણ શ્રી ખોડલધામ મંદિર સંકુલનું નિર્માણ કરાશે

**બંને** જગ્યાએ નિર્માણ પામનાર મંદિર સંકુલ પાટણના સંડેર ખાતે બની રહેલા મંદિર સંકુલની જેમ જ નિર્માણ પામશે

સુરત : શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આજરોજ એક મોટી જાહેરાત કરવામાં આવી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટના મુખ્ય કાર્યાલય ખાતે ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં એક કોર કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં અલગ અલગ બે જગ્યાએ શ્રી ખોડલધામ મંદિર સંકુલ નિર્માણની મહત્વની જાહેરાત કરવામાં આવી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરની જેમ જ દક્ષિણ ગુજરાતની ધરતી પર સુરતમાં અને લંડનમાં શ્રી ખોડલધામ મંદિર સંકુલના નિર્માણની જાહેરાત કરવામાં આવી છે.

કોર કમિટીની બેઠક બાદ ચેરમેન નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી મંડળની કોર કમિટીની બેઠકમાં ચાલી રહેલા પ્રોજેક્ટની સમીક્ષા અને આગામી સમયના પ્રકલ્પોની પણ ચર્ચા કરવામાં આવી હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ નજીક અમરેલી ગામ પાસે અદ્યતન વૈશ્વિક કક્ષાની કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સાથે જ ઉત્તર ગુજરાતમાં પાટણના સંડેર ગામ પાસે શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં આ બંને પ્રોજેક્ટ પૂર્ણ કરીને સમાજને અર્પણ કરવામાં આવશે. સાથે સાથે આવતા દિવસોમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રકલ્પો પ્રમાણે મધ્ય ગુજરાત એટલે કે અમદાવાદમાં એક શ્રી ખોડલધામ સંકુલ બનાવવાનું પણ આયોજન છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે પણ ભવનનું નિર્માણ કરવામાં આવશે. વધુમાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં સુરતમાં પણ શ્રી ખોડલધામ મંદિર સાથેનો પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો છે. સાથે જ વધુ આનંદની વાત એ છે કે, આજે આ કોર કમિટીની બેઠક યોજાવાની હતી તેના થોડા કલાકો પહેલા લંડનમાં વસતાં ખોડલધામના સ્વયંસેવકોએ આજે શ્રી ખોડલધામ મંદિરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓએ અમારી સાથે ચર્ચા કરીને લંડનમાં પણ ખોડલધામ મંદિર બનાવવાનો નિર્ણય લીધો છે. તેથી લંડનમાં પણ ટૂંક સમયમાં શ્રી ખોડલધામ મંદિર નિર્માણનું કામ ચાલુ થશે. આ બંને જગ્યાએ નિર્માણ પામનાર મંદિર સંકુલ પાટણના સંડેર ખાતે બની રહેલા મંદિર સંકુલની જેમ જ નિર્માણ પામશે. પાટણના સંડેર ખાતે 42 હજાર ઘનફૂટ પથ્થરમાંથી મંદિર નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

# ઉધના રેલવે પ્લેટફોર્મ પરથી પાર્સલોની ચોરી, 6 ઝડપાયા

**પાંચ** આરોપીએ પાર્સલો પિકઅપમાં વગે કરી લિંબાયતની મહિલા કાપડ વેપારીને વેચ્યાં હતાં



સુરતઃ રેલવે પાર્સલ ઓફિસ ઉધના દ્વારા જારી કરાયેલા મેમોના આધારે 26 ડિસેમ્બરે તપાસ શરૂ કરાઈ હતી. 23 નવેમ્બરે ઉધના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 6 પરથી પાંચ પાર્સલ (અંદાજિત કિંમત 20,000) ચોરાઈ ગયા હોવાનું બહાર આવ્યું હતું. 5 ડિસેમ્બરે, 2025ના રોજ પણ તે જ પ્લેટફોર્મ પરથી બીજા પાંચ પાર્સલ (કિંમત 30,000) ચોરાઈ ગયા હતા. આરપીએફની તપાસ દરમિયાન, SIPF અક્ષય બિરારેએ ઈમરાન ખાન, સાદિક ઉર્ફે શાહરુખ સૈયદ, ઝુબેર ઉર્ફે માયા, રસુલ શાહ ઉર્ફે કલ્લુ અને ફિરોઝ શેખ સહિતના શંકાસ્પદ બહારના લોકોની પૂછપરછ કરી હતી.

આરોપીઓએ પાર્સલ ચોરીની કબૂલાત કરી હતી અને કહ્યું હતું કે તેઓ રાત્રે પ્લેટફોર્મ નંબર 6 પરથી પાર્સલ ઉપાડીને ઈમરાન ખાનના પીકઅપ વાહન (GJ05BZ2625)માં લોડ કર્યા હતા. આરોપીઓએ એવું પણ સ્વીકાર્યું હતું કે ચોરાયેલા પાર્સલ લિંબાયત વિસ્તારના બુદ્ધ સોસાયટીના રહેવાસી મહેજાબીન ખટીકને વેચવામાં આવ્યા હતા. 23 નવેમ્બર અને 5 ડિસેમ્બરના રોજ ચોરાયેલા પાર્સલ 40,000માં વેચાયા હતા અને તેમાંથી મળેલી રકમ બંને વચ્ચે વહેંચાઈ ગઈ હતી. આરપીએફ ટીમે તે સરનામાંઓ પર દરોડા પાડી, બંને કિસ્સામાં ચોરાયેલા કુલ 10 પાર્સલ અને ગુનાઓમાં વપરાયેલ પીકઅપ વાહન જપ્ત કર્યું હતું. ત્યારબાદ, મહિલા રીસીવર મહેજાબીન ખટીક (42), જે કપડાંનો વેપાર કરે છે, તેનું પણ આરોપી તરીકે નામ આપવામાં આવ્યું હતું. મહિલા આરોપીને બીએનએસએસની કલમ 35(3) હેઠળ બોન્ડ પર મુક્ત કરવામાં આવી હતી. જ્યારે પાંચની પોલીસે ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

# AURO યુનિ.નો 13મો દીક્ષાંત સમારોહ યોજાયો




સુરતઃ AURO યુનિવર્સિટીએ શુક્રવાર, 27 ડિસેમ્બર 2025ના રોજ તેમના 13મા દિક્ષાંત સમારોહનું ગૌરવપૂર્વક આયોજન કર્યું. આ પ્રસંગે બિઝનેસ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ડિઝાઈન, હૉસ્પિટાલિટી, કાયદા, લિબરલ આર્ટ્સ એન્ડ હ્યુમન સાયન્સિસ તથા જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન, આ 7 શાળાઓમાંથી કુલ 313 સ્નાતકની સિદ્ધિઓને ઉજવવામાં આવી હતી.

પ્રેરણાદાયક ભાષણમાં પ્રોવોસ્ટ પ્રો.પરિમલ એચ. વ્યાસે "વિકસિત ભારત 2047 માટે ગ્લોકલ આર્કિટેક્ચર" વિષય પર પ્રકાશ પાડ્યો હતો.પ્રેસિડેન્ટિયલ ભાષણમાં સ્થાપક પ્રમુખ અને કુલપતિ હસમુખ પી. રામાએ કહ્યું કે, "સાચું શિક્ષણ ક્ષમતાની સાથે ચરિત્ર અને ચેતનાનું નિર્માણ કરે છે," શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રા. લિ. (SRK) અને શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન (SRKKF)ના સ્થાપક અને ચેરમેન એમેરિટસ ગોવિંદજીભાઈ ધોળકિયા મુખ્ય અતિથિ રહ્યા અને દિક્ષાંત સંબોધન આપ્યું હતું. તેમણે કહ્યું, "અત્યાર સુધી તમને સુરક્ષા અને માર્ગદર્શન મળ્યું, હવે જવાબદારી તમારી છે. ડિગ્રી મદદરૂપ બને છે, પરંતુ ઈમાનદાર પ્રયાસો જ સફળતાને પરિભાષિત કરે છે." પોતાની જીવનદષ્ટિ વહેંચતાં તેમણે ઉમેર્યું, "હું કંઈ નથી, પણ હું બધું કરી શકું છું. સમસ્યા પ્રગતિ છે," કુલ 313 વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરવામાં આવી, જેમાં 2 ડોક્ટરલ ડિગ્રી, 49 અનુસ્નાતક ડિગ્રી (6 પીજી ડિપ્લોમા સહિત) અને 262 સ્નાતક ડિગ્રીનો સમાવેશ થાય છે. 32 ગુણવત્તાસભર રેન્કધારકોને કુલ 14 ગોલ્ડ મેડલ (14 યુવતી અને 5 યુવક) તથા 18 સિલ્વર મેડલ (11 યુવતી અને 7 યુવક) એનાયત કરવામાં આવ્યા હતા.

# વલસાડ પાલિકાનાં પૂર્વ પ્રમુખ સોનલ સોલંકી ભાજપ પ્રદેશ મંત્રી નિમાયાં



વલસાડઃ વલસાડના સક્રિય અને વિકાસલક્ષી નેતા સોનલબેન સોલંકીની ભાજપ પ્રદેશ મંત્રી તરીકે સત્તાવાર નિમણૂક કરાતાં વલસાડના રાજકીય આલમમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સોનલબેનની આ પસંદગી પાછળ તેમની વલસાડ નગરપાલિકાના પ્રમુખ તરીકેની યશસ્વી કામગીરી મુખ્ય કારણ માનવામાં આવે છે. તેમના નેતૃત્વમાં શહેરની કાયાપલટ થઈ હતી. આવા લોકઉપયોગી અને મોટા પ્રકલ્પોને સફળતાપૂર્વક સાકાર કરવા બદલ અને તેમની સંગઠન શક્તિને ધ્યાનમાં રાખીને પ્રદેશ નેતૃત્વ દ્વારા તેમની પસંદગી કરવામાં આવી છે.

# ડૉ.કે.એલ.એન.રાવ નવા DGP બને તેવી શક્યતા

**31મી** ડિસેમ્બરે DGP વિકાસ સહાયની એક્સટેન્શનની મુદત પૂર્ણ થઈ રહી છે, 3 IPS અધિકારીનાં નામ કેન્દ્ર સરકારને મોકલાયાં

ગાંધીનગરઃ રાજ્યના ડીજીપી વિકાસ સહાયની એક્સટેન્શનની મુદત 31મી ડિસેમ્બરે પૂર્ણ થઈ રહી છે, ત્યારે નવા ડીજીપીની નિમણૂકને લઈને ગાંધીનગરમાં સચિવાલય અને પોલીસ બેડામાં અટકળો તેજ બની છે. સચિવાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, 29 અથવા 30 ડિસેમ્બર સુધીમાં રાજ્યને નવા પોલીસ વડા મળી શકે છે.

ગૃહ વિભાગ દ્વારા સિનિયોરિટીના આધારે ત્રણ આઈપીએસ (IPS) અધિકારીઓની પેનલ કેન્દ્ર સરકારને મોકલવામાં આવી હોવાની માહિતી મળી છે. આ ત્રણ સિનિયર આઈપીએસ અધિકારીઓમાં 1993ની બેચના આઈપીએસ ડૉ કે. એલ. એન. રાવ, 1994ની બેચના આઈપીએસ જી.એસ. મલિક અને પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ અને 1993ની બેચના ડૉ. નીરજા ગોટરૂનો સમાવેશ થાય છે. કેન્દ્રમાંથી પંસદગી થતાં તેની સત્તાવાર જાહેરાત કરાશે. સચિવાલયના સૂત્રોના કહેવા મુજબ, ડો. કે. એલ. એન. રાવ નવા ડીજીપી બને તેવી શક્યતા સૌથી વધુ છે.


DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાંદેર વિભાગીય કચેરી
પ્લોટ ન.૩૭, ટી.પી.૩૨, એલ.પી.સવાણી રોડ, જલારામ મંદિર પાછળ, સૌરભ પોલીસ ચોકીની ગલીમાં, અડાજણ, સુરત,૩૯૫૦૦૯ CIN: U40102GJ2003SGC042909
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

એમ.સી.બી/ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

વીજપ્રવાહ બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો પર જરૂરી કામગીરી કરવાની હોવાથી દર્શાવેલ તારીખે વીજ પુરવઠો મળશે નહિ. કામગીરી વહેલી પૂર્ણ થશે તો કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

| અ. નં. | સબસ્ટેશનનું નામ | ફીડરનું નામ | સબ ડિવિઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઓલપાડ | ટકારમાં | ઓલપાડ | ટકારમાં ગામ, ટકારમાં વોટર વર્કસ, એરથાણ, રાજ નગર, સોંડલામીઠા | | ૨૯.૧૨.૨૫ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૨ | પાલ | એલ.પી.સવાણી | રામનગર | એલ.પી.સવાણી સ્કૂલ થી યુનિવર્સલ હોમ | | ૩૧.૧૨.૨૫ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| 3 | કરમલા | સાંઈ | ઓલપાડ | સહજાનંદ ઇન્ડ પાર્ક | | ૩૧.૧૨.૨૫ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૪ | પાલા | ઝંડા ચોક | રાંદેર-૨ | પાલા ss થી ગુલઝાર રેસિડેન્સી થી મોટી મસ્જિદ થી માલમવાડ થી ઝંડા ચોક કોઝવેરોડ થી રાંદેર વિસ્તાર | ૧૯૧૨૩ | ૦૧.૦૧.૨૬ | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૫ | વેલુક | કાછોલ | રાંદેર રૂરલ | કાસલા, વેલુક, સેલુત, નરથાણ ગામ | | ૦૨.૦૧.૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૬ | ઓલપાડ | તેના | રાંદેર રૂરલ | ઓરમા રોડ,અંભેટા ગામ, સિધ્ધનાથ એવેન્યુ, તળાદ ગામ, બલકસ, સોસક | | ૦૨.૦૧.૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૭ | ઓલપાડ | ઓએનજીસી | રાંદેર રૂરલ | માસ્મા ઇન્ડ. વિસ્તાર,શ્રી સદગુરુ પૂર્ણાનંદ ઇન્ડ વિસ્તાર | | ૦૨.૦૧.૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૮ | ઓલપાડ | હની | રાંદેર રૂરલ | હની ઇન્ડ એસ્ટેટ, જય જલારામ, ચાંદ, સાઈ શ્રધ્ધા, સ્વાગત ઇન્ડ એસ્ટેટ, માસ્મા ઇન્ડ. વિસ્તાર | | ૦૩.૦૧.૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ૯ | સરોલી | વલકલ | રાંદેર રૂરલ | સાઈ ઇન્ડ, આઈસ ફેકટરી, માસ્મા ઇન્ડ. વિસ્તાર | | ૦૩.૦૧.૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.),રાંદેર વિભાગીય કચેરી, સુરત.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠક દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ


**અનુસંધાન... પાના છેલ્લાનું**

### 31st નશામાં,...

પોલીસ અને સ્થાનિક પોલીસના 300થી વધુ બ્રિથ એનેલાઈઝર મશીનો સાથે ચેકિંગ હાથ ધરાશે. ખાસ કરીને વેસુ, પીપલોદ, અડાજણ અને ડુમ્મસ જેવા વિસ્તારોમાં દરેક શંકાસ્પદ વાહનચાલકની તપાસ કરવામાં આવશે. ડુમ્મસ રોડ અને આસપાસના શાંત વિસ્તારોમાં ડ્રોન કેમેરાની મદદથી નજર રાખવામાં આવશે. ફાર્મ હાઉસ અને ખાનગી પાર્ટીઓના આયોજકોને પણ સ્પષ્ટ સૂચના અપાઈ છે કે નશાની પ્રવૃત્તિ સહન કરવામાં આવશે નહીં. પોલીસ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે નિયમોનું પાલન કરનારને કોઈ તકલીફ નહીં થાય, પરંતુ કાયદાનો ભંગ કરનાર માટે નવા વર્ષની શરૂઆત પોલીસ સ્ટેશન અથવા જેલથી થશે.

### સુરતને IT હબ,...

બાબતનો સમાવેશ કરવા જોગ છે. સુરત ગ્રોથ હબ ઓફ સાઉથ ગુજરાતના ઈલ્યાસ પઠાણ અને સંજય જૈને હર્ષ સંઘવી સમક્ષ નીતિગત પગલાં લેવા માંગ કરતા જણાવ્યું છે કે ,"સુરત શહેર ઉદ્યોગ, નિકાસ અને રોજગારીમાં રાજ્ય તથા રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. IT ક્ષેત્રમાં પણ સુરતને યોગ્ય દિશા અને નીતિ આધાર મળશે તો ગુજરાતની ડિજિટલ ઇકોસિસ્ટમને નવી ઊંચાઈ મળશે, એમાં કોઈ શંકા નથી.

### શ્રી પટેલ પ્રગતિ...

ચુંટણી જાહેર થતાં જ વિવાદો શરૂ થઈ ગયાં હતાં. સંસ્થાનાં વહીવટ સંદર્ભેના આક્ષેપ-પતિઆક્ષેપથી તળપદા કોળી સમાજમાં રાજકીય ગરમાટો પણ જોવા મળ્યો હતો. આ ચૂંટણીમાં બે જૂથ સામસામે આવી ગયું છે. જેમાં પટેલ સમાજ પ્રગતિ પેનલમાં માજી કોર્પોરેટર ગીરીશભાઈ ચંદુભાઈ પટેલ સહિતના ઉમેદવારો અને સમાજ વિકાસ પેનલના ઉમેદવારો વચ્ચે ભારે રસાકસી જોવા મળી રહી છે. આવતીકાલે મતદાનના દિવસે કંઈ પણ નવાજૂની થાય તેવી વકી છે. જહાંગીરાબાદ (ઉગત), શ્રી પટેલ પ્રગતિ મંડળ, શૈક્ષણિક સંકુલ ખાતે સવારે ૮-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન મતદાન યોજાશે. જેને કારણે સિક્યુરિટી ગાર્ડ પણ મૂકી દેવામાં આવ્યાં છે.

### ફાલસાવાડી પાણીની...

એક મહિના અગાઉ આ જ વિસ્તારમાં આ પાણીની લાઈનમાં ભંગાણ થયું હતું. જે તે સમયે મનપા દ્વારા ટેમ્પરરી લીકેજ રીપેરીંગ કરી દેવાયું હતું. તે સમયે પાઈન જોઈનીંગમાં ઉપયોગી કોલર મનપા પાસે કે MMTH પ્રોજેક્ટ કામગીરીના સંબંધિત કોન્ટ્રાક્ટરો પાસે પણ ઉપલબ્ધ ન હોવાથી, જોઈનીંગની કામગીરી પૂર્ણ થઈ શકી ન હતી, જેથી ફરીવાર લીકેજ થયું હતું. આ કોલર ઉપલબ્ધ થતા લીકેજને તાત્કાલિક રીતે દુરસ્ત કરવાની કામગીરી 26 ડિસેમ્બરે શુક્રવારે સવારે 9:00 વાગ્યાથી શરૂ કરી બીજા દિવસે એટલે કે 27 ડિસેમ્બરે શનિવારે સવારે 5 વાગ્યા સુધી પૂર્ણ કરવાનું આયોજન હતું, પરંતુ તે નિયત સમય કરતા વધુ ચાલી હતી. જેને કારણે કતારગામ દરવાજા, વેડરોડ, ગોટાલાવાડી, સુમુલ ડેરી રોડ, પંડોળ, કતારગામ બાલાશ્રમ રોડ વિસ્તારોમાં પણ સાંજનો પાણીનો સપ્લાય સાંજે 8 વાગ્યા બાદ શરૂ થયો હતો.

### લીકેજ કામગીરી વધતા...

લાઈનમાં ભંગાણ પડ્યું હોય, પાણીની લાઈનો ઈન્ટર કનેક્ટ હોવાને કારણે અન્ય વિસ્તારોમાં પણ આ સમસ્યા સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. અઠવા ઝોન વિસ્તારમાં આવતા પીપલોદ રોડની કેટલીક સોસાયટીમાં પણ પાણી પુરવઠો બંધ રહ્યો હતો. કારગીલ ચોક નજીકની નદી પાર્ક સોસાયટી સહિત આસપાસના વિસ્તારમાં તેમજ ન્યૂ સિટીલાઈટની તમામ સોસાયટી અને એપાર્ટમેન્ટના લોકોને પાણી પુરવઠો મળ્યો ન હતો. બપોર સુધી રાહ જોયા પછી સોસાયટીના અને એપાર્ટમેન્ટના રહીશોએ પાણીના ટેન્કરો મંગાવવા પડ્યા હતા. પીપલોદ, સીટીલાઈટની 50,000 વસતીને સીધી અસર થઈ હોવાનું જાણવામાં આવ્યું હતું.

### 'ફાઈન નહીં',...

વેપારીને 52 લાખ રૂપિયાની રોકડ પરત કરવામાં આવી. રોકડ ભરેલું બોક્સ વેપારી ઉંચકી નહીં શકતા ક્ષણભર મજાકિયા માહોલ સર્જાયો અને હર્ષ સંઘવી ખડખડાટ હસ્યા. તેમણે હળવા અંદાજમાં કહ્યું કે, જે મહેનતની કમાણી લૂંટાઈ હતી, એ જ નોટો આજે સહી-સલામત માલિકના હાથમાં પરત આવી છે, આ જ પોલીસની સાચી જીત છે. કરોડોના હીરા અને રોકડ પરત મળતાં અનેક વેપારીઓની આંખોમાં ખુશીના આંસુ જોવા મળ્યા હતા. સંઘવીએ સ્પષ્ટ કહ્યું કે, સુરતના વેપારીઓને પરેશાન કરનારને કોઈપણ ભોગે છોડવામાં નહીં આવે. પોલીસ સ્ટેશન વિશે ટિપ્પણી કરતાં તેમણે કહ્યું કે, પહેલી નજરે આરોપી પણ કહેશે, "મને અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશન લઈ જાઓ," પરંતુ આ ભૂમિ પર શું આવેલું છે એ પણ યાદ રાખજો. સ્મશાનના આડકતરા ઉલ્લેખ સાથે ગુનેગારોને સીધી ચેતવણી આપી.

## પોલીસ સ્ટેશન, ડાયમંડ ઉદ્યોગ માટે રક્ષાકવચ અને ગુનેગારો માટે સ્પષ્ટ ચેતવણી બનશે

સુરતના તાપી કિનારે ઉભું થયેલું નવું અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશન હવે માત્ર ઈમારત નહીં, પરંતુ અસામાજિક તત્વો માટે ભયનું પ્રતીક બની ગયું છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત પોલીસને સ્પષ્ટ સૂચના આપી કે, વેપારીઓ સાથે છેતરપિંડી કરનાર આરોપી ગમે ત્યાં છુપાયો હોય, તેને શોધી જ કાઢવો. ચીટિંગ કરનાર પશ્ચિમ બંગાળમાં હોય કે જમ્મુ-કાશ્મીરમાં, નોટિસ મોકલો અને અહીં ખેંચી લાવો. મારા રાજ્યના લોકોને પરેશાન કરશો તો હું કડક બનીશ, પછી ભલે કોઈને દુઃખે. સરદાર પટેલની લોખંડી પ્રતિમા અને તાપી મૈયાના દર્શન સાથે તૈયાર થયેલું આ પોલીસ સ્ટેશન હવે ડાયમંડ ઉદ્યોગ માટે રક્ષક કવચ અને ગુનેગારો માટે સ્પષ્ટ ચેતવણી બની ગયું છે.

### મર્સિડીઝને F-1...

વીડિયોમાં ટાયરો રોડ પર ઘસાતા ભયાનક અવાજો પણ સંભળાતા હતા, જે સ્પષ્ટ કરે છે કે સ્ટન્ટ કેટલો જોખમી હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. નાગરિકોએ આવા "નવાબજાદાઓ" સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી. વીડિયો સામે આવતા જ અલથાણ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. કારના નંબરના આધારે તપાસ આગળ વધારતા પોલીસે સિટીલાઈટ સૂર્યપ્રકાશ રેસિડન્સીમાં રહેતા 20 વર્ષીય જય જતીન દાવરાને ઝડપી લીધો હતો. પોલીસ કસ્ટડીમાં આવતાં જ તેણે પોલીસ સમક્ષ માફી માંગતાં કહ્યું કે, "ગાડી આ રીતે ચલાવવી ન જોઈએ. આઈ એમ સોરી, હું ભવિષ્યમાં આવું ડ્રાઈવિંગ નહીં કરું." પોલીસે સ્ટન્ટમાં ઉપયોગમાં લેવાયેલી મર્સિડીઝ કાર પણ જપ્ત કરી છે.


DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
વલસાડ શહેરી વિભાગીય કચેરી
કન્ટ્રી ક્લબ રિસોર્ટ, વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ-૩૯૬૦૦૭.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. અટક પારડી | ૧૧ કે.વી. મોગરાવાડી | વલસાડ ઇસ્ટ | (૦૨૬૩૨) ૨૨૬૪૫૦ | ૨૯.૧૨.૨૦૨૫ (સોમવાર) | |
| ૨ | | ૧૧ કે.વી. રાજહંસ | | | | |
| 3 | ૬૬ કે.વી. ગુંદલાવ | ૧૧ કે.વી. ઍંટીકોરોઝીવ | વલસાડ ઇન્ડસ્ટ્રીયલ | (૦૨૬૩૨) ૨૩૬૬૦૦ | ૨૯.૧૨.૨૦૨૫ (સોમવાર) | |
| ૪ | ૨૨૦ કેવી. અતુલ | ૧૧ કે.વી. રાબડા એ.જી. | અતુલ | ૬૩૫૭૬૦૫૬૯૧ | ૨૯.૧૨.૨૦૨૫ (સોમવાર) | |
| ૫ | ૬૬ કે.વી. ગુંદલાવ | ૧૧ કે.વી. મુળી એ.જી. | વલસાડ ઇન્ડસ્ટ્રીયલ | (૦૨૬૩૨) ૨૩૬૬૦૦ | ૩૦.૧૨.૨૦૨૫ (મંગળવાર) | ૮:૩૦ થી ૧૫:૦૦ |
| ૬ | ૬૬ કે.વી. મગોદ | ૧૧ કે.વી. સુરવાડા એ.જી. | અતુલ | ૬૩૫૭૬૦૫૬૯૧ | ૩૦.૧૨.૨૦૨૫ (મંગળવાર) | |
| ૭ | ૬૬ કે.વી. ભદેલી જગાલાલા | ૧૧ કે.વી. આઈ.ટી.આઈ. | કોસ્ટલ | (૦૨૬૩૨) ૨૪૪૧૫૭ | ૦૨.૦૧.૨૦૨૬ (શુક્રવાર) | |
| ૮ | ૬૬ કે.વી. ગુંદલાવ | ૧૧ કે.વી. વેજલપુર | કોસ્ટલ | (૦૨૬૩૨) ૨૪૪૧૫૭ | ૦૩.૦૧.૨૦૨૬ (શનિવાર) | |
| ૯ | ૬૬ કે.વી. મગોદ | ૧૧ કે.વી. ડુંગરવાડી એ.જી. | અતુલ | ૬૩૫૭૬૦૫૬૯૧ | ૦૩.૦૧.૨૦૨૬ (શનિવાર) | |

નોંધ : સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.
કાર્યપાલક ઇજનેર (સં અને નિ), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.